# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका  Bajkhedawal Patrika




વર્ષ : ૦૧    ૨૦૨૫ : જાન્યુઆરી

અંક : ૦૧



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

## ૩૫માં રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૯-૧૨-૨૦૨૪

*સ્થળ – શ્યામાપ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ, વસ્રાલ, અમદાવાદ*

## ॥ અધિવેશન અહેવાલ ॥

*અધિવેશનમાં ભવ્ય ઓડિટોરિયમની વિશાળ નિશ્રામાં સૌ બાજખેડાવાળ હિતવર્ધક સભાના સદસ્ય પરિવારજનોનું ગરમાગરમ સ્વાદિષ્ટ ઉપમા અને ફરશીપૂરી સાથે ચા–કોફીથી સ્વાગત કરવામાં આવ્યું. સૌએ આલ્હાદક શીતળ પવનની લહેરો સંગાથે એનો આસ્વાદ લીધો અને એકબીજાનું સાનિધ્ય અનુભૂત કર્યું. અલ્પાહાર સંગાથે વાતો ના વડા પણ આનંદ સહ માણીને સૌ સમયાનુસાર વિશાળ હોલમાં જઇને બિરાજમાન થયા.*

*એક પછી એક મહેમાનો સુંદર આયોજિત સ્ટેજ પર પોતાના સ્થાને બિરાજમાન થતાં જ પ્રમુખશ્રી અને અધ્યક્ષશ્રી દ્વારા પારસ્પરિક સંમતિ સંગ ઉદ્‌ઘોષક શ્રી દધીચિ ઠાકરને અધિવેશનની શરૂઆત કરવા સુચિત કરવામાં આવ્યું.*

*ભાઈ દધીચિએ સૌને સુસંસ્કૃત વાણી અને શ્લોક થકી આવકાર આપ્યો અને અધિવેશનની શુભ શરૂઆત માટે કુ. સ્વસ્તિકા સમીરભાઈ દવેને પ્રાર્થના માટે નિમંત્રિત કરી. અધિવેશન અધ્યક્ષ શ્રી સમીરભાઈની દિકરીએ સુંદર અવાજમાં લયબદ્ધ રીતે ગણપતિ અથર્વશીર્ષનું ગાન કરી હોલના સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવ્યું અને એમાં બિરાજમાન સૌ આબાલવૃદ્ધ જ્ઞાતિજનોના સુખ, સમૃદ્ધિ અને ઐશ્વર્યની શુભ ભાવના દર્શિત કરી.*

*ત્યારબાદ સૌ મહેમાનો એ સાથે મળી દીપ પ્રાગટ્ય કરીને અધિવેશનના કાર્યક્રમના મંગળ સાફલ્ય માટે દેવાધિદેવને પ્રાર્થના કરી. હિતવર્ધક સભા દ્વારા સૌ મહેમાનો અને દાતાઓને ક્ષીરજામ્બા ખાતે નવચંડી હવનમાં સિદ્ધ કરેલ શ્રી યંત્ર પ્રસાદીરૂપે આપી સૌનું મંગળ સ્વાગત કરવામાં આવ્યું.*

*વિશાળ હોલમાં જ્ઞાતિજનોની બહુ ઓછી સંખ્યામાં હાજરી નિહાળી આયોજકોને એ બાબત બહુ રંજ થયો કે આખું વર્ષ જેને માટે પ્રયત્નશીલ રહી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો અધિવેશનમાં હાજર રહે એ માટે અથાગ મહેનત કરી પૂરેપૂરી સંખ્યામાં પાસ વિતરણ થવા છતાં પણ વર્ષમાં એક દિવસ પણ અધિવેશનમાં હાજર રહેવા માટે જ્ઞાતિજનો ન ફાળવી શકતા હોય તો એ બહુ દુ:ખદ બાબત છે એ સુજ્ઞ જ્ઞાતિજનો માટે શોભાપ્રદ નથી.*

*સ્વાગત પ્રવચનમાં શ્રી કિરીટભાઈ દવેએ પણ એ બાબત બહુ રંજ વ્યક્ત કર્યો. બાજખેડાવાળ હિતવર્ધક સભાના આજ દિન સુધીના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર સૌથી માતબર રકમ રૂ. ૪૭ લાખનું દાન સમાજની વિવિધ સંસ્થાઓને આપનાર શ્રી વિદ્યુત ઠાકર પરિવારનો સૌ વતી હાર્દિક આભાર વ્યક્ત કર્યો. આના ફલસ્વરૂપે ઘણી મોટી રકમ વિધવા સહાય ફંડમાં ફાળવી શકાશે.*

*આવતા વર્ષે અધિવેશન અંબાજી ખાતે યોજવામાં આવશે જેમાં અંદાજે ૧૦૦૦ થી ૧૨૦૦ જ્ઞાતિજનો અધિવેશનમાં હાજર રહેશે એવી ધારણા છે. અધિવેશન તા. ૨૮–૧૨–૨૫ના રોજ અને તે પહેલા ૨૫–૨૬–૨૭/૧૨/૨૫ના રોજ શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવનાર છે.*

સૌને ઉમંગ ભેર આવા ઉમદા કાર્યક્રમોમાં સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો.

શ્રી વિદ્યુત ઠાકરના સ્વજનો શ્રી પરંતપ ઠાકર અને દીપાબેન ઠાકરનો ખાસ આભાર માનવામાં આવ્યો અને એમનું સન્માન કરવામાં આવ્યું.

અધિવેશનના અધ્યક્ષ શ્રી સમીરભાઈ દવે પણ સૌ જ્ઞાતિજનોને સાથ સંગાથ જાળવી રાખી બાજખેડાવાળ સમાજને નિત નવીન ઉત્થાન ભણી લઈ જવા સૂચિત કરવામાં આવ્યું. એમણે પણ અધિવેશનના પ્રસંગે જૂજ હાજરી બાબતે રંજ વ્યક્ત કર્યો. આ સુંદર અને વિશાળ હોલની ઉપલબ્ધિ માટે બહુ મદદરૂપ થવા બદલ શ્રી અમૂલભાઈ ભટ્ટનો આભાર માનવામાં આવ્યો.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના અહેવાલને સભા સમક્ષ રજૂ કરતાં મંત્રીશ્રી પ્રણવભાઈ જોષીએ જણાવ્યું કે તા. ૯–૨–૮૬માં વડતાલ મુકામે શરૂ થયેલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દિન પ્રતિદિન ઉત્તરોત્તર સફળતાના પંથે આગળ વધી રહી છે એ ખાસ નોંધનીય અને સરાહનીય બાબત છે. જે સૌ જ્ઞાતિજનોના અમૂલ્ય સહકારની જ ફલશ્રુતિ છે એ નિશંક છે. આવતા વર્ષે અંબાજી ખાતે યોજાનાર અધિવેશનમાં ગુજરાત રાજ્ય ઉપરાંત દેશના વિવિધ રાજ્યોમાં આવેલ વિવિધ ક્ષેત્રિય બાજખેડાવાળ સંગઠનોનો પણ સઘન સંપર્ક સાધી એમને સહભાગી થવા નિમંત્રણ આપવા માટે પ્રયત્ન કરવામાં આવશે. તદ્‌પરાંત આપણે સૌ ભૂદેવો અંબાજી મંદિરમાં ધજા ચડાવવા જઈએ ત્યારે ખાસ આપણી બ્રાહ્મણ પરંપરા મુજબ પિતાંબર ધારણ કરીને જઈશું. આમ આવતું અધિવેશન બહુ આયામોમાં વિશિષ્ટ બનનાર છે તો સૌને એમાં ઉમંગભેર જોડાવા આગ્રહ છે.

અધિવેશનના ઉદ્‌ઘાટકશ્રી મૌલિકભાઈ દવેએ સૌ જ્ઞાતિજનોએ સાદર પ્રણામ પાઠવી જાણવ્યું કે અધિવેશનનું આયોજન અને એને સફળ બનાવવું એ કોઈ સાવ સરળ બાબત નથી પણ બહુ કઠિન કામ છે. પણ સૌ જ્ઞાતિજનોના સુભગ સમન્વય અને સાથ–સહકારથી જ એ શક્ય બને છે. સૌનો સાથ સહકાર અને સંગઠિતતા જ કોઈ પણ સમાજના વિકાસ માટે સાચું અને બહુજરૂરી એવું આગવું પરિબળ છે. તદ્‌પરાંત અધિવેશનમાં સમયપાલન પણ બહુ જરૂરી છે. આપણે સૌએ સાથે મળીને સુગંઠિત પ્રયત્નો આદરીને વરસો પુરાણી પરંપરાગત ઉક્તિઓ જેવી કે ગરીબ બ્રાહ્મણ અને બ્રાહ્મણની આંખમાં ઝેર હોય, એને ખોટી ઠેરવીને સૌએ સાથે મળીને સમગ્ર સમાજના ઉત્તરોત્તર ઉત્થાન અને વિવિધલક્ષી વિકાસ માટે પ્રયત્નશીલ બનવાનું છે. આપણે સૌએ આપણા સ્થાનના મોભા અને અહમને ભૂલી સુસંગઠિત બની સમાજના હર એક માણસને ઉત્તરોત્તર વિકાસ ભણી દોરી જવાનો છે. સૌને અનુરોધ છે કે ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ સ્વહસ્તે સમાજના સેવા કાર્યોમાં આપી મદદરૂપ થવા અગ્રેસર રહેવાનું છે. હું પોતે પણ સદાય સૌ જ્ઞાતિજનોને મદદરૂપ થવા તત્પર રહેવા વચન આપું છું.

ફરીથી એકવાર શ્રી કિરીટભાઈ દવે દ્વારા અમદાવાદના બાજખેડાવાળ જ્ઞાતિજનોને કહ્યું કે મને અપેક્ષા છે અમદાવાદથી પાંચ બસ અંબાજી અધિવેશનમાં આવે. અમદાવાદમાં ઘણા બધા ક્ષેત્રમાં બાજખેડાવાળ બંધુઓ અગ્રેસર છે એવું આપણા લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે, તૌ સૌ આબાલવૃદ્ધ અધિવેશનમાં પધારો. આજના મહેમાનો એવા શ્રી હાર્દિકભાઈ અને હર્ષદભાઈ દવે બેઉ ભાઈ ગુજરાત હાઈકોર્ટમાં અગ્રેસર એડવોકેટ છે. એમને વિનંતિ કે સૌ યુવાન વર્ગને પણ આવા સામાજિક કાર્યોમાં સામેલ થવા જણાવો.

મણિનગરના ધારાસભ્ય અને આજના અધિવેશનના કો–ઓર્ડિનેટર શ્રી અમૂલ ભટ્ટે શ્રી સુરેશ દલાલની એક સુંદર ઉક્તિ ટાંકતા જણાવ્યું કે એક ધ્યેય હેતુ સંગાથ અધિવેશનમાં હાજરી આપો તો સમાજના કુલીન વ્યક્તિઓનો સંપર્ક થતાં પરસ્પર ઓળખાણ વધે છે એકબીજાને જરૂરિયાત વખતે મદદરૂપ થવાય છે અને પોતાના પરિવાર તથા સમગ્ર સમાજના વિકાસ કાર્યોમાં સહભાગી થવાય છે. આ જ અધિવેશનનો મૂળ અને મુખ્ય હેતુ હોય છે. એ શુભ હેતુની સાર્થકતા ત્યારે જ સાકાર થાય જ્યારે વધુ ને વધુ જ્ઞાતિજનો પરિવાર સાથે અધિવેશનમાં હાજર રહી આયોજકોને પ્રોત્સાહિત કરે. આ વાત સૌ સુપેરે સમજે તો એકબીજા સાથે સામંજસ્ય વધે, બધા જ્ઞાતિજનો એકબીજાથી પરિચિત બને અને એકબીજા પ્રત્યે સહકારિતાની ભાવના સુદૃઢ બનતા સમાજ પણ સુગઠિત અને મજબૂત બને. આજના સમયમાં સમાજની સંગઠિતતા એ બહુ તાતી જરૂરિયાત છે. નહીં તો પછી બહુ બૂરા પરિણામો ભોગવવા પડશે. હું પોતે આજે જે સ્થાને અને જે કક્ષાએ છું એ મારા સમાજ સાથે ના સદાકાળના સંલગ્ન સહકાર અને સંયોજિત પ્રયાસનું ફળ છે જેને માટે હું આપ સૌ જ્ઞાતિજનોનો ઋણી છું. આપણે સૌએ આપણા સમાજ, ધર્મ, બ્રાહ્મણત્વ અને હિંદુત્વના રક્ષણ માટે આ બહુ જરૂરી બાબત છે કે આપણે સૌ આવા અધિવેશનમાં સહભાગી થઈ એકબીજા સાથે એકજૂટતા કેળવીએ.

હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી મૌલિકભાઈ શેલતે પણ એમના બહુ માનનીય વક્તવ્યમાં જણાવ્યું કે મને આપ સૌએ આવકાર આપ્યો એ માટે હું આપનો આભારી છું. મેં પણ મારા માતા–પિતાનું ઋણ અદા કર્યું અને મારા પત્નીનો સાથ સહકાર મળ્યો એટલે જ હું આજે આ પદ સુધી પહોંચી શક્યો છું. મારા સમાજનો પણ હું આભારી છું કે જેમના સહકાર થકી જ મને આવી ઉમદા સફળતા પ્રાપ્ત થઈ છે.

મુખ્ય મહેમાન શ્રી શૈલેષભાઈ જોષીએ ખાસ નોંધપાત્ર બાબત જણાવી કે દેશના વિવિધ પ્રદેશમાં વસતા બાજખેડાવાળ બંધુઓ પણ અધિવેશનમાં સહભાગી બને એ માટે સઘન પ્રયાસો કરવામાં આવે તો વધુ સારું અને સફળ અધિવેશન થયું ગણાય અને તો જ એ રાષ્ટ્રીય અધિવેશન ગણાય. અધિવેશનમાં એ માટે કાર્યશીલ બનવા માટે મારો સંપૂર્ણ સહકાર આપવા હું વચન આપું છું. સાથોસાથ આપણી નવી પેઢીની અધિવેશનમાં સહભાગીતા પણ બહુ જરૂરી બાબત છે. આજે જૂની પેઢીની સાથે નવી પેઢીને પણ સુપેરે સાંકળી આગળ વધવુ બહુ તાતી જરૂરિયાત છે. એ માટે પણ હું સૌના સહકાર આપવા વચનબદ્ધ છું. વિવિધ વ્યવસાયિક કાર્યક્રમો થકી યુવાનોમાં જાગૃતતા કેળવવી પણ બહુ જરૂરી છે. તો જ આપણા યુવાન વર્ગને સાચી અને સચોટ દિશા સાંપડશે અને એમનું જીવન ધોરણ સુધરશે અને પરિણામ સ્વરૂપે સમાજપણ એક સાચી દિશા તરફ આગળ વધશે. આજે આપણે સૌએ માતા–પિતા અને ખુદના અંતરાત્માને સાંભળવાનું બંધ કરી દીધું છે એટલે જ આપણે મોટીવેશનલ સ્પીકરને સાંભળવાની જરૂર પડે છે માટે સૌ સાનમાં સમજીને તમારા માતાપિતાને સાંભળો સમજો અને એમની સલાહને અનુસરો. તમારા અંતરમાં વસતા અંતરાત્માને પણ સાંભળો, એના આદેશને સમજવા પ્રયત્ન કરો અને એને અનુસરો તો જીવનમાં કદીય પાછા નહીં પડો અને નીતનવીન સફળતા હર ક્ષેત્રમાં હાંસલ કરશો એમાં કોઈ જ શંકાને સ્થાન નથી. હર ઉંમરના જ્ઞાતિજનો વર્ષમાં એકવાર યોજાતા અધિવેશનમાં અચૂક ભાગ લો અને સૌ સાથે સમાજના ઉત્કર્ષમાં સહભાગી બનો એવી એમણે સૌને અપીલ કરી.

માર્મિકા સમીરભાઈ દવેએ કહ્યું કે બાજખેડાવાળએ એવી જ્ઞાતિ છે કે જે ઘણા ક્ષેત્રમાં ઉમદા સ્થાન અને ઊંચાઈ પ્રાપ્ત કરે છે અને સૂક્ષ્મ બાબતોનું પણ સચોટ ધ્યાન રાખે છે. આમ બાજખેડાવાળએ ક્ષમતા અને કૌશલ્ય ધરાવતા લોકો છે જે વિશિષ્ટ વક્તા, માર્ગદર્શક અને સારા દિશાસૂચક બની શકે છે. બાજખેડાવાળ હિતર્ધક સભામાં જે સ્ત્રી ઉત્કર્ષ અને સ્ત્રી સશક્તિકરણની ભાવના જોવા મળે છે એ આજના નિરંતર વિકાસના યુગમાં બહુ જરૂરી બાબત છે જે બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ માટે અભિનંદનીય છે માર્મિકાએ સુંદર છટાદાર શૈલીમાં અંગ્રેજીમાં એનું વક્તવ્ય આપ્યું એ પણ ખાસ નોંધનીય બાબત છે.

અતિથિ વિશેષ શ્રી ભરતભાઈ ભટ્ટ જે છેલ્લા ૪૩ વર્ષોથી ઝામ્બિયામાં સ્થાયી થયા છે એમણે ખાસ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનો આભાર માન્યો. વર્ષો પહેલા તે બાજખેડાવાળ જ્ઞાતિ  સમાજની આર્થિક સહાય મેળવી ઝામ્બિયા ગયા અને ત્યાં વસ્યા. ઘણી બધી સામાજિક પ્રવૃતિઓમાં એ સદાય અગ્રેસર રહ્યા અને એના ફલસ્વરૂપે ઝામ્બિયાની સરકાર દ્વારા એમનું જાહેર નાગરિક સન્માન કરવામાં આવ્યું. જે બાજખેડાવાળ જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. એમણે કહ્યું તમે જે અને જેટલું સમાજને આપો છો તેથી વધુ સમાજ તમને એક યા બીજા સ્વરૂપે પાછું જ આપે છે. જ્ઞાતિના હર એક વર્ગને સરકારી યોજનાઓનો પૂરતો લાભ મળે એ માટે જાગૃતિ કેળવવી બહુ જરૂરી છે.

શ્રી કિરણભાઈ પંડ્યાએ ખાસ જણાવ્યું કે મહુધા પાસે ના એક સાવ છેવાડાના નાનકડા ગામ નાની ખડોલનો યુવક હું વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીની આર્થિક સહાય મળતાં એન્જીનીયર બન્યો અને અનેક કઠિનાઈઓમાંથી ઉભરીને જીવનમાં આગળ આવ્યો. આ સમાજનું ઋણ ચૂકવવા જ હું અધિવેશનમાં મારૂં યોગદાન આપું છું જેનું મને ગૌરવ અને આનંદ છે. હાલ હું ગાંધીનગરમાં પ્રવૃત્તિશીલ છું અને માસ એક સૂચન સમાજને છે કે વિધવા સહાયની ઉંમર મર્યાદા ૬૦ને બદલે ઘટાડાય તો વધુ વિધવા મહિલાને લાભ મળી શકે.

દિગ્નાબેન પ્રણવભાઈ જોષીએ એમના વક્તવ્યમાં જણાવ્યું કે નાના બાળકો અને યુવાન વર્ગ અધિવેશનમાં આવીને આખો દિવસ શું પ્રવૃતિ કરે એ મોટો પ્રશ્ન છે એટલે જ બાળકો અને યુવાન વર્ગ અધિવેશનમાં હાજર નથી રહેતા. આ બાબત ભવિષ્યમાં કંઈક વિચારવું જરૂરી છે.

છાયાબેન દવે મુંબઈથી ઘણા વર્ષોથી નિયમિતપણે હાજરી આપે છે જે બાબત તેમણે જણાવ્યું કે હું સમાજનું ઋણ ચૂકવવા જ અધિવેશનમાં હાજર રહું છું. આટલી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોને ભેગા થતા જોઈ અને એમને મળીને મને આનંદ થાય છે. આ એક એવો ઉમદા પ્રસંગ છે જ્યાં સૌ જ્ઞાતિજનોની સંગઠિતતા સુપેરે દર્શિત થાય છે જે નિહાળી સમાજને મજબૂત થતો નિરખી અંતરે અનેરો ઉલ્લાસ ઉદ્‌ભવે છે જે આખું વરસ જળવાઈ રહે છે.

અધિવેશનમાં સુંદર આયોજનમાં મદદ કરનાર વિવિધ સદસ્યોને પણ સન્માનિત કરવામાં આવ્યા. વર્ષોથી હરહંમેશ શ્રી કિરીટભાઈને નાના-મોટા હર એક કામકાજમાં તત્પરતાથી સાથે અને સંગાથે રહી હર એક કામને દીપાવનાર શ્રી મુકેશભાઈ દવેનું સન્માન પ્રમુખશ્રીએ બહુ ગદ્‌ગદ્‌ હૃદયે કર્યું. સાથે સાથે શ્રી ફાલ્ગુન પાઠકનું પણ સન્માન કર્યું. એજ્યુકેશન સોસાયટીના સૌ કારોબારી સભ્યોનું પણ સન્માન કર્યું. અધિવેશન કાર્યક્રમના સુંદર ઉદ્‌ઘોષક શ્રી દધીચિ ઠાકરનું પણ સન્માન કર્યું. વિશાળ હોલમાં સુંદર સ્વચ્છતાના સ્ત્રોત એવા સૌ સહાયક વર્ગનું

પણ સન્માન કર્યું. માઈક-લાઈટવાળા તથા મંડપવાળા ભાઈનું પણ સન્માન કર્યું. સ્વાદિષ્ટ નાસ્તો, ગરમાગરમ ચા-કોફી અને રસ ઝરતી રસોઈના સ્ત્રોત શ્રી દીપકભાઈ અને એમના સ્ટાફનું પણ સન્માન કર્યું. આમ એક યા બીજા કોઈ પણ સ્વરૂપે અધિવેશનમાં મદદરૂપ થનાર સૌ કોઈને યાદ કરીને સન્માનિત કરવામાં આવ્યા.

ઉપપ્રમુખ શ્રી તરલભાઈ ભટ્ટે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે આ સુંદર અધિવેશનના આયોજનમાં સહાયભૂત સૌ કોઈનો હાર્દિક આભાર માન્યો. ટીવી-૯ના રીપોર્ટર શ્રી નિર્મલ દવેનું સન્માન કર્યું અને નજીકના ભવિષ્યમાં અયોધ્યાના પ્રવાસમાં બહોળી સંખ્યામાં જોડાવવા માટે સૌને સૂચિત કર્યા.

હવે હોલમાં બિરાજમાન સૌ કોઈ અધિવેશનના કી-નોટ સ્પીકર શ્રી સંજય રાવલને સાંભળવા અધીરા થયા હતા.

શ્રી સંજય રાવલ આવતાં જ સૌની ઉત્કંઠાનો અંત આવ્યો. એમણે એમની આગવી શૈલીમાં અસ્ખલિત વાણીના ધોધમાં સૌને રસ તરબોળ કરી દીધા. સૌ એમના અતિ માર્મિક અને સચોટ દૃષ્ટાંત અને દાખલા દલીલોથી અભિભૂત થઈ ગયા એમના સુંદર વક્તવ્યને ફરી વાર માણીશું.

ત્યારબાદ સૌ ભોજનને ન્યાય આપવા હોલની બહાર ગયા. બહાર નીકળતા જ ભોજનની સ્વાદિષ્ટ વાનગીઓનો આસ્વાદ માણવા અધીર બન્યા. સૌએ રસ, પૂરી, પાતરા, ઢોકળાં, ઉંધીયું, શાક, તળેલી પાપડી અને કઢી ભાત હોંશે હોંશે આરોગ્યા અને થોડા આમતેમ હરીફરી હળવા થઈ, એકબીજા સાથે વાતચીત કરી પાછા હોલમાં જઈને બેઠા.

હવે પછી સલીમ મલિક (વોઈસ ઓફ મુકેશ)ની ઓરકેસ્ટ્રાનો સુમધુર સંગીત કાર્યક્રમ માણવા માટે સૌ પોતાને મનગમતા સ્થાન પર જઈને બેઠા.

સલિમ મલિક અને એમના ઓરકેસ્ટ્રા સાથીઓએ સુમધુર ગીતો અને વિવિધ વાજીંત્રોની સુમધુર સુરાવલીઓમાં હોલમાં બિરાજમાન સૌને સૂર અને તાલમાં ડોલાવ્યાં અને ઝૂમી ઉઠવા પ્રેરિત કર્યા. બધાને બહુ મજા આવી. લગભગ બે અઢી કલાકના સંગીત સુરાવલીઓમાં રસ તરબોળ થયા બાદ સૌ હોલની બહાર નીકળ્યા ત્યારે સૌને એક સુંદર સરપ્રાઈઝ ગીફ્ટ આપવામાં આવી. હોલની બહાર ગરમાગરમ ચા-કોફી અને નાસ્તામાં પાપડીનો લોટને ભરપેટ આરોગી સૌ અધિવેસનના સુમધુર સંભારણા વાગોળતા ફરી આવતા વર્ષે અંબાજીમાં આથી વધુ આનંદ માણવા માટે એકબીજાને વેણ આપી પોત પોતાના ઘર ભણી જવા નીકળ્યા.

કી-નોટ સ્પીકર - શ્રી સંજયભાઈ રાવલના સુંદર પ્રેરણાદાયક વક્તવ્યના કેટલાક અંશ

પબ્લિક ફીગર, રાઈઝીંગ ક્રીએટલ, ઉમદા અને પ્રેરણાદાયી વક્તા એવા બ્રહ્મ રત્નશ્રી સંજય રાવલે એમના વક્તવ્યની શરૂઆતમાં જ ભારપૂર્વક જણાવ્યું કે બ્રાહ્મણ જ સમાજને સાચી અને સચોટ દિશા બતાવ. સાચું સૂચવે અને જ્ઞાન આપે. બ્રાહ્મણ વગર કર્યા ય કદીયે ના ચાલે હર એક કામકાજના પ્રારંભમાં બ્રાહ્મણ જોઈએ જ.

આપ સૌ બ્રાહ્મણજનોને મારી ખાસ અંગત અપીલ કે અનુરોધ છે કે આપ આપના બ્રાહ્મણત્વના તેજ, ઓજ અને આભાને જાળવી રાખજો કદી પામરના બનજો. તમારી પર સમાજનું એક વિશિષ્ટ દાયિત્વ છે એનું સદાકાળ રક્ષણ કરજો. કોઈનું મફત કદી લેવા માટે પ્રયત્નના કરશો. તમે સમાજમાં સારપ ફેલાવશો તો સફળ થશો અને સામે સમાજ પણ તમને

સારપ આપશે અને સન્માન આપશે. તમારા ગૌરવ અને મોભાને જાળવી તમે પણ સમાજમાં એને ફેલાવો તમારા અને સમાજ બેઉને માટે એ બહુ અગત્યની બાબત છે.

તમારામાં રહેલી અનન્ય શક્તિને ઓળખી એને જાળવી રાખવા પ્રયત્ન કરતા રહો. તમારા વારસાને ભૂલશો નહીં. એનું નિત્ય રક્ષણ કરજો એમાં વૃદ્ધિ કરજો તો જ આજના વિષમ સંજોગોમાં તમે ટકી રહેશોને જીવનમાં આગળ વધી શકશો. શાસ્ત્ર શસ્ત્ર કરતાં પણ વધુ અસરકારક અને મજબૂત છે એ કદી વિસરશો નહીં.

આજકાલ લગ્નની વૈદિકતા વિસરાઈ ગઈ છે અને ખોટા દેખાવ કે આડંબરનું જ દર્શન ચોમેર જોવા મળે છે. વિધિનું મહત્વ કે મહિમા ભૂલાઈ ગયા છે. જેનું એક આગવું મહત્વ છે અને એ આજની તાતી જરૂરીયાત છે. દેવાધિદેવ મહાદેવ તો આખો દરિયો તમને આપવા બેઠો છે તમે કેમ એક નાનકડી ચમચી લઈને બેઠા છો એ સમજાતું નથી. એ સમજો અને એની અઢળક કૃપાને પામો.

સંસ્કૃત ભાષાએ આપણી મૂળભૂત સંસ્કૃતિ છે. એને કદી વિસ્મૃત ના થવા દેશો. એનું રક્ષણ, અનુસરણ અને જાળવણી કરી એમાં પારંગત થવા મથજો. મા, માતૃભાષા અને માતૃભૂમિ માટે અને સાથે સંગાથે જે જીવે એ જ સાચું જીવન. આપણો દેશ ભારત તો પૃથ્વીનો પૂજા ખંડ છે. જાત જાતના અને ભાત ભાતના દેવી દેવતાનું અનેરૂં વૈવિધ્ય તમને પૃથ્વીના કોઈ અન્ય ખૂણે જોવા નહીં મળે. પણ ખરેખર તો એ દેવોના વૈવિધ્યને છોડીને તમે ખુદ કોણ છો એ જાણવા તમારી અંદર ઝાંખવાનું છે અને તમારા અંદર અંતરમાં બેઠેલા અંતરાત્માને ઓળખી તમારી પોતાની અગત્યતાને પિછાણી એને સમજવાની છે. એ અગત્યતા સિદ્ધ કરવાની સ્થિતિ એ જ બ્રાહ્મણત્વ છે એ જાળવી રાખવામાં સફળ થશો તો તમે જગ જીતી શકશો. તમારા માહ્યલામાં ડોકિયું કરી અંદર પડેલી શક્તિને ઓળખી એને જાગૃત કરી એને બહાર લાવી એની થકી તમારા જીવનમાં પરિવર્તન લાવવાનું છે. હતાશા ને ખંખેરી દૂર કરી જીવનમાં જાગૃતતા લાવી જીવનને નવી દિશામાં વાળી નિત્ય નવીન સફળતા પામી જીવન સફળ બનાવવાનું છે.

મહાદેવે માનવીનું સર્જન કરીને હાથ ધોઈ નાખ્યાં. હવે માનવી નિત્ય નવા નુસખા અપનાવી ભગવાનને ઉઠા ભણાવે છે, એ ખોટું છે. ભગવાને બધું જ આપ્યું છે, બસ જરૂરી છે એને યોગ્ય સમયે અને સ્થાને જાગૃતતાપૂર્વક અને કુનેહપૂર્વક વાપરવા શીખવાની તો સૌના જીવનમાં પરિવર્તન આવશે જાગૃતિ આવશે અને સફળતા મળશે એમાં કોઈ જ શંકા નથી.

સંસારમાં જ રહી સાધુતા કેળવી શિસ્ત સંગાથે જીવનને માણવાનું છે. તો જીવન માણવા જેવું લાગશે. તમારી શિસ્તબદ્ધ સ્વતંત્રતા જ તમારી આગવી મૂડી છે. અહં બ્રહ્માસ્મિ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારમાંથી પહેલું અને છેલ્લું જગ આખા માટે જીવનમાં લાભદાયી નીવડે છે. વચ્ચે ના બે જીવનમાં દુઃખદાયક જ બને માટે એ બે ભગવાન પર છોડી ધર્મ અને મોક્ષ બે માટે જીવનમાં મથતા રહો તો જીવન ઉત્તમ બની જાય.

જીવનમાં પ્રભુ પાસેથી કદી કશું માગવું નહીં. આભાર માનવો. તમે સૌથી મોટી ઈશ્વરની બેન્કમાં જમા કરાવશો તો જ અને એટલું જ ઉપાડી શકાશે, માટે હમેશા જમા કરાવવા મથો. તમે કોને પૂજો છો એ અગત્યતા નથી પણ પૂજવું અગત્યનું છે. ભગવાન તો એક જ છે. બધા માટે સરખા જ છે. પણ એ માટે મંદિરમાં દોડી જવાની જરૂર નથી. તમારા જ ઘરમાં તમારા મા-બાપને પગે લાગો, એમનું સન્માન જાળવી આદર આપો, તો જ ભગવાન તમારા પર પ્રસન્ન

થાય. મા-બાપથી મોટા કોઈ જ દેવ કે પૂજા કરવા લાયક બીજું કોઈ જ નથી. એમને ખુશ રાખવાથી જ ખુશી મળે. તો જ જીવનમાં જીત મેળવી શકો અને એમને તો ફક્ત ને ફક્ત તમારો પ્રેમ જ જોઈએ છે બીજું કશું જ નથી જોઈતું. તમે મા-બાપના આશીર્વાદની પામશો તો બધું જ જીવનમાં મળશે.

નિયમિત રીતે તન અને મન બેઉની કસરત કરો. તનની કસરત તમને તંદુરસ્તી આપશે, આરોગ્ય આપશે. મનની કસરત માટે રોજ સારૂં પ્રેરણાદાયી વાંચન કરો તો જ મન સારપથી સમૃદ્ધ બનશે. ઈશ્વરે તમને જે શરીર આપ્યું છે એથી વધુ ઉમદા બનાવીને જ ઈશ્વરને જીવનના અંતે પાછું આપવા જ આપણે જીવનભર મથતા રહેવાનુ છે એ જ આપણું સાચું કર્તવ્ય છે એ કદી ના ભૂલો. જીવનમાં જે કંઈ કરો તે શ્રેષ્ઠ જ કરો. હંમેશા કર્મ જ આપણા હાથમાં છે માટે એ સદાય શ્રેષ્ઠ જ કરો અને એનું ફળ તો ઈશ્વર શ્રેષ્ઠ જ આપશે એવા દૃઢ વિશ્વાસ રાખો. જીવનમાં તમે બીજાને બતાવવા કરો તે પાપ. તમે પોતે તમારા આત્માને બતાવવા કરો તે પૂણ્ય. રોજ જે પરિવાર સાથે બેસીની જમે તે પરિવારમાં એકબીજા પ્રત્યે અણબનાવ કદી ના ઉદ્‌ભવે આ જગતમાં કોઈપણ કામ નાનું નથી. નવરા બેસી રહેવું એમાં જ નાનમ સમજી કાર્યરત રહો. જે કંઈ કામ કરો એ શ્રેષ્ઠ કરો. ઈશ્વર બધો જ હિસાબ રાખશે. જેટલું જમા કરશો એની ખાતાવહીમાં તમારા ખાતે એથી અદકેરૂં તમે પામશો જ. આપણે સૌ આ જગે જન્મ લીધો છે એટલે સૌને એક દિવસ મરવાનું જ છે એ યાદ રાખવા માટે કોઈ પણ સ્નેહી, સંબંધિત કે મિત્ર અવસાન પામે ત્યારે સ્મશાનમાં અચૂક જાઓ.

મા-બાપ, ભાઈ-બહેન કે જીવનસાથી સૌને માટે ઈશ્વર જ નક્કી કરી દે છે તે જ સૌને મળે છે. એ બદલી શકાય જ નહીં અને જો બદલશો તો બીજા જન્મમાં પણ તે જ મળશે બાકી રહેલું પૂરૂં કરવા માટે.

આપણી સમાજ વ્યવસ્થામાં લગ્ન શું છે અને એનું મહત્વ શું એ તે સમજવું અને આપણા બાળકોને સમજાવવું બહુ જ જરૂરી છે. એકબીજા પ્રત્યે પ્રેમનું મહત્વ અને એનો અર્થ એમને સમજાવો. બે વિભિન્ન વ્યક્તિ એકબીજાને મળે. સમાજ સમક્ષ લગ્નગ્રંથિ થકી જોડાય. એકબીજાને સમજી જીવનને માણવા મથે, કદીક મતભેદ સર્જાતા ઝઘડે, વળી પાછા ભેગા થાય અને એકબીજાને અનુરૂપ થવા મથી જીવન જીવે એ જ છે લગ્ન જીવનમાં પ્રેમનો અર્થ સોશિયલ મીડિયા પર ના શોધી શકાય એ તો માણવો પડે તો જ સમજાય.

જીવનમાં તમે કરેલા કાર્યોની કદર થાય. એના વખાણ થાય એ જ જીવતે જીવ સાચી મોક્ષાનુભૂતિ. તમે કદીક કોઈના કામમાં આવો એ જ જીવનમાં મોક્ષ. કોઈને મદદરૂપ થાવ અને ડાબા હાથે કરેલા કામ જમણા હાથને ય ખબર ના પડે એવું જીવો એ જ સાચો મોક્ષ. મદદરૂપ થવું એ જ મોક્ષ મેળવવા માટેનો સાચો રસ્તો છે. તમે ખુદ હસો અને બીજાને પણ હજારો એ જ ઉત્તમ જીવન ગણાય. હંમેશા યાદ રાખો કે તમારા દુ:ખની અભિવ્યક્તિ પર જ બીજા ઘણા બધાની દુકાનો ચાલે છે માટે જીવનને સુપેરે જીવી જાણો. આપણા સારા સંસ્કાર જ આપણી સાચી અને કદી ન ખૂટે એવી અણમોલ મૂડી છે. એને જાળવી રાખવા તમારા બાળકોને પણ સારા સંસ્કાર આપો. એમને શૂન્યમાંથી સર્જન કરતાં શીખવો. સંસ્કાર અને સર્જન ભાવના થકી જ એ જીવનમાં આગળ વધી શકશે.

**સંકલન – શ્રી જગતભાઈ દવે – શ્રી અ.ભા.બા.ખે.હિ.સભા**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના તા. ૨૯–૧૨–૨૪ના રવિવારના રોજ આયોજલ ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં એક જ્ઞાતિજન તરફથી સૂચન કરવામાં આવેલ કે આપણા સમાજ દ્વારા અયોધ્યા – કાશી અને પ્રયાગરાજનું આયોજન થાય જે વાતને પ્રમુખશ્રી કિરીટકુમાર દવે દ્વારા તરત જ સ્વીકારી તેના કોર્ડીનેટર તરીકે તરલભાઈ ભટ્ટની નિમણૂંક કરેલ. તરલભાઈ દ્વારા અલગ અલગ ટૂર ઓપરેટર સાથે ચર્ચાને અંતે જય જોગમાયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ગાંધીનગર દ્વારા આયોજન કરવાનું નક્કી થયેલ.

જ્ઞાતિ સમાજના વ્હોટસ એપ માધ્યમથી આ અંગેની જાહેરાત થતા અમદાવાદ, આણંદ અને નડિયાદ થી કુલ ૧૪૭ વ્યક્તિઓ દ્વારા માત્ર ૩ દિવસમાં પૂરેપૂરી રકમ ભરપાઈ થઈ ગયેલી બનારસથી એ.સી. બસમાં પ્રવાસનું આયોજન કરેલ હોવાથી ત્રણ બસનું સંખ્યા ફૂલ થઈ ગયેલ હોવાથી એક સાથે એટલી હોટલો પણ ન મળતી હોવાથી બુકીંગ બંધ કરવામાં આવેલ. પરંતુ જ્ઞાતિજનોને આગ્રહને લઈને વધુ એક પ્રવાસ તા. ૩૧–૩–૨૫ થી તા. ૦૬–૦૪–૨૦૨૫નો મૂકવામાં આવેલ જેમાં ૧ બસ (એટલે કે ૪૯ જણ) માત્ર દોઢ દિવસમાં જ પૈસા ભરાઈ ગયેલ છે.

આ સમગ્ર ટુરમાં જનાર જ્ઞાતિજનોનું એક વ્હોટસ ગ્રુપ પણ બનાવી દેવામાં આવેલ છે. જેમાં અવારનવાર પ્રવાસ અંગેની સમગ્ર માહિતી આપવામાં આવશે.

સૌ જ્ઞાતિજનોનો પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ.

| | | |
|---|---|---|
| **કિરીટકુમાર એમ. દવે** | **તરલભાઈ ભટ્ટ** | **સમીરભાઈ દવે** |
| **પ્રમુખ** | **કોર્ડીનેટર** | **મંત્રી** |

**સર્વ કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર,
વ.વિદ્યાનગર–૩૮૮૧૨૦,તા.જી. આણંદ.

**ક્ષીરજામ્બા માતાજી ટ્રસ્ટ – લક્ષ્મીપુરા – ખેડબ્રહ્મા**

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા તા. ૨૧–૧૨–૨૪ને રવિવારના રોજ કુળદેવી ક્ષીરજામ્બાના મંદિરે સમુહ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ, પ્રમુખશ્રી કિરીટકુમાર દવે આયોજનના ભાગરૂપે આગલા દિવસે આવેલ તેમના દ્વારા સામાન્ય ચર્ચા થતાં પરિસર માટે ખુરશીઓની જરૂર હતી તેમના ત્વરીત પગલાથી વોટસ એપ માધ્યમથી માત્ર એક જ કલાકમાં રૂ. ૭૨,૦૦૦/–ની માતબર રકમ ભેગી થઈ ગયેલ અને હવનના દિવસે ૧૬૦ નંગ ખુરશી પ્રત્યક્ષ અમોને મળેલ છે. જેના દાન નીચે મુજબ વિગતથી મળેલ છે. પ્રત્યેક ખુરશી દીઠ રૂા. ૫૦૦/– લેખે દાન આવેલ છે.

(૧) જ્યોતિબેન અશ્વિનભાઈ દવે રૂ. ૧૦૦૦/– (૨) દેવાંશી કૌશલ દણાંક રૂ. ૨૦૦૦/– (૩) શિવાંગી જતીન ઠાકર રૂ. ૧૦૦૦/– (૪) દિગ્ના પ્રણવકુમાર જોષી રૂ. ૧૦૦૦/– (૫) તરલભાઈ ભટ્ટ રૂ. ૧૦૦૦/– (૬) પૈરીન ભટ્ટ રૂ. ૨૫૦૦/– (૭) અતુલભાઈ એન. પંડ્યા રૂ. ૫૦૦૦/– (૮) કલ્પનાબેન કિરીટકુમાર દવે રૂ. ૫૦૦૦/– (૯) હેમંતભાઈ ઠાકોરલાલ શેલત રૂ. ૨૦૦૦/– (૧૦) ઋષિરાજ મનોજભાઈ રૂ. ૫૦૦/– (૧૧) રાજેન્દ્રભાઈ નવનીતલાલ પંડ્યા રૂ. ૧૦૦૦/– (૧૨) યોગેશભાઈ દવે રૂ. ૫૦૦/– (૧૩) પ્રિતીબેન મહેશભાઈ દવે રૂ. ૧૦૦૦/–

(૧૪) રોહન જીતેનકુમાર ભટ્ટ રૂ. ૧૦૦૦/– (૧૫) હર્ષાબેન મુકેશકુમાર દવે રૂ. ૫૦૦૦/– (૧૬) ભારતીબેન મનહરલાલ દવે રૂ. ૧૦૦૦/– (૧૭) માયાબેન કિરીટભાઈ દવે રૂ. ૫૦૦૦/– (૧૮) દિપકભાઈ જશભાઈ રૂ. ૨૫૦૦/– (૧૯) મંજુલાબેન રમેશચંદ્ર વ્યાસ રૂ. ૧૦૦૦/– (૨૦) અનુજય પંડ્યા રૂ. ૧૦૦૦/– (૨૧) સમીરભાઈ એસ. દવે રૂ. ૧૧૦૦૦/– (૨૨) ગાયત્રી તુષારકુમાર રૂ. ૨૫૦૦/– (૨૩) સ્વ. શકુંતલાબેન વિજયકુમાર ભટ્ટ રૂ. ૨૫૦૦/– (૨૪) ધવલભાઈ એન. ત્રિવેદી રૂ. ૫૦૦/– (૨૫) સ્વ. શાંતાબેન ઈશ્વરભાઈ ભટ્ટ રૂ. ૨૫૦૦/– (૨૬) ભ્રગેષકુમાર શંકરલાલ દવે રૂ. ૧૦૦૦/– (૨૭) ગીતાબેન હેમંતકુમાર શુકલ રૂ. ૧૦૦૦/– (૨૮) સ્વ. વિનોદરાય ઉમીયાશંકર દવે રૂ. ૨૫૦૦/– (૨૯) કલ્પનાબેન અશ્વિનભાઈ દવે રૂ. ૬૫૦૦/– (૩૦) ધન્વી રૂચીર દવે રૂ. ૧૦૦૦/– (૩૧) મિશ્કા રૂચીર દવે રૂ. ૧૦૦૦/–

જરૂરીયાત મુજબની રકમ પૂર્ણ થતા વધારાની નીચે મુજબની રૂ. ૮૭૦૦/–ના દાન આવેલ, ડાઈનીંગ હોલમાં તથા ઉપરના દાદરમાં દાદર ચઢવા–ઉતરવા મદદરૂપ થાય તે માટે સ્ટીલની રેલીંગ તાત્કાલીક ધોરણે નખાવવામાં આવેલ છે.

(૧) રૂ. ૧૦૦૦/– માયાબેન જગતભાઈ દવે (૨) રૂ. ૫૦૦/– તોષાબેન ગિરીશભાઈ દવે (૩) રૂ. ૭૦૦/– હરસુતાબેન જયેન્દ્રભાઈ દણાક (૪) રૂ. ૫૦૦/– પ્રિતીબેન સુધીરભાઈ મહેતા (૫) રૂ. ૫૦૦૦/– જાગૃતિબેન યોગેશભાઈ દણાંક (૬) રૂ. ૧૦૦૦/– ગીતાબેન ઉપેન્દ્રભાઈ દવે તરફથી મળેલ છે.

આ સમયગાળા દરમ્યાન ઝામ્બીયા સ્થિત ડૉ. ભરતભાઈ રવિશંકર ભટ્ટ તથા ડૉ. કોકિલાબેન ભરતકુમાર ભટ્ટ હાલ ભારત પધારેલ છે, તેમને વોટ્સએપ માધ્યમથી સમાચાર મળતાં તેઆએ ૧૦૦ નંગ ખુરશીનું દાન આપવાની ઈચ્છા દર્શાવેલ પરંતુ તે પેટેની રકમ આવી ગયેલ હોય તેઓને જણાવેલ કે ખુરશી દાન પૂર્ણ થયેલ ત્યારે તેઓશ્રી દ્વારા અન્ય કોઈ સારા કામ માટે દાન આપવા દર્શાવેલ, તેઓ શ્રી દ્વારા રૂ. ૩૭૫૦૦/–નું માતબર દાન પંખા માટે (સીલીંગ ફેન) મળેલ છે. અંદાજિત ૨૦ પંખા માટેનું દાન મળેલ છે.

આ તબક્કે કિરીટકુમાર દવે તમા તેમની ટીમના સૌ સભ્યોનો તથા સમગ્ર બાજખેડાવાળ જ્ઞાતિજનોનો અમો આભાર માનીએ છીએ. ચૈતન્યભાઈ જોષી – મેનેજરશ્રી, શ્રી ક્ષીરજામ્બા માતાજી ટ્રસ્ટ, ખેડબ્રહ્મા.

**કિરીટકુમાર એમ. દવે** — **પ્રમુખ**

**પ્રણવકુમાર જોષી** — **મંત્રી**

**સર્વ કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

### સુંદરકાંડ

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા "બહુજન હિતાય બહુજન સુખાય" ના સુત્રથી તા. ૨૧–૧–૨૫ના રોજ સાંજે ૮.૦૦ કલાકે "સુંદર કાંડ પાઠ"નું આયોજન કરવામાં આવ્યું. અંદાજિત ૨૦૦ જ્ઞાતિજનોએ સુંદરકાંડ પાઠનું રસપાન કર્યું. સમગ્ર ભોજનનો ખર્ચ રૂ. ૨૫૦૦૦/ –શ્રી સમીરભાઈ દવે (બન્ટી) દ્વારા આપવામાં આવ્યો. સુંદર કાંડ બાદ નાસ્તાનું સૌજન્ય સ્વ. પ્રિતીબેન મહેશભાઈ દવે તરફથી રૂ. ૨૫૦૦/– આપવામાં આવ્યા. સુંદર કાંડ પાઠ કરવા

આવનાર ગ્રુપના, ફૂલહાર તથા પ્રસાદનો ખર્ચ અંદાજિત રૂ. ૧૧૦૦૦/- ભારતીબેન મનહરભાઈ દવે તરફથી આપવામાં આવ્યા. સ્મૃતિભેટ માટે સ્વ. જનક નિરંજનભઈ દવેના સ્મરણાર્થે રૂ. ૫૦૦૧/- હસ્તે હેમાંગિનીબેન જનકકુમાર દવે-મણીનગર, અમદાવાદ હસ્તે ગીતાબેન શુકલ તથા રૂ. ૫૦૦૦/- કલ્પનાબેન કિરીટકુમાર દવે તરફથી મળેલ છે. સુંદર કાંડ અંગેની જાહેરાત થતા જ ૨ માસ અગાઉ દાતાઓ દ્વારા દાનની રકમ મળી ગયેલ છે. તેઓશ્રીનો આભાર.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**ફાલ્ગુન ઠાકર** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ - ઉમરેઠ

શ્રીનાથ એન્ટરપ્રાઈઝ, સ્વામિનારાયણ મંદિર સામે, ઓડ બજાર, ઉમરેઠ-૩૮૮૨૨૦

શ્રી બાજખેડાવાળ યુવા સમિતિ ઉમરેઠ દ્વારા ગત તા. ૧૪ અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સમાજ ઉમરેઠ મુકામે સતત બીજા વર્ષે બાજખેડાવાળ પ્રીમિયર લીગ-૨૦૨૪ અંતર્ગત કે. બી. દવે એન્ડ કંપની ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાયેલ. આ ક્રિકેટ ટુનામેન્ટને શ્રી અ.ભા.બા.ખે. હિ. સભા-અમદાવાદના ઉપપ્રમુખશ્રી પ્રણવભાઈ જોષી (વકીલ) દ્વારા દીપ પ્રાગટ્યથી ખુલ્લી મૂકવામાં આવેલ હતી. જેમાં ઉમરેઠ, ડાકોર, આણંદ, નડિયાદ, મહેમદાવાદ, વડોદરા, અમદાવાદ અને ખાસ દુબઈ અને બ્રિસ્બેનથી આવેલ સમાજના યુવાનોની કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો.


આ દ્વિ-દિવસીય ટેનિસ ક્રિકેટ ટુનામેન્ટ દરમ્યાન અનુક્રમે બાજ સુપર ઈલેવન ચેમ્પિયન અને બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદની ટીમ રનર્સ અપ બની હતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન શાનદાર પ્રદર્શન કરનાર બાજ સુપર ઈલેવનના પૃથુ ભટ્ટ (મહેમદાવાદ)ને બેસ્ટ બેટ્સમેન અને મેન ઓફ ધ સિરીઝ તેમજ બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ અમદાવાદની ટીમના દેવર્ષ જોશી (અમદાવાદ)ને બેસ્ટ બોલર જાહેર કરાયા હતા. આ કાર્યક્રમને બળ આપવા શ્રી અજીતભાઈ દવે રૂ. ૧૧,૦૦૦/-, શ્રી જીગરભાઈ ભટ્ટ (યુ.કે.) એ રૂ. ૫૫૦૦/-, શ્રી હેમલભાઈ દવેએ રૂ. ૫૫૦૦/-, શ્રી ઋષિભઈ ભટ્ટે રૂ. ૩૫૦૦/-, શ્રી બાજખેડાવાળ સમાજ વડોદરાએ રૂ. ૨૫૦૦/-, શ્રી સંદીપભાઈ ત્રિવેદીએ રૂ. ૨૧૦૦/-, શ્રી દીપકભાઈ શેલતે રૂ. ૧૦૦૦/-, શ્રી હરીશભાઈ શુકલએ રૂ. ૧૦૦૦/-, શ્રી યોગેશભાઈ શેલતે રૂ. ૫૦૦/- અને શ્રી ચિરાગભાઈ ઠાકર દ્વાર ડ્રિન્ક સ્પોનશરશીપના સહયોગ ઉપરાંત સામાજિક અગ્રણી માજી ધારાસભ્યશ્રી ભૂષણભાઈ ભટ્ટે ખાસ ઉપસ્થિત રહી ફાઈનલ મેચના વિજેતા ટીમ માટે બેટ અને સ્ટમ્પની કીટ ભેટ આપી આયોજક મિત્રો અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ટુર્નામેન્ટના સમાપન ઉમરેઠ નગરપાલિકના પ્રમુખશ્રી કનુભાઈ, શ્રી સંદીપભાઈ ત્રિવેદી, શ્રી હરીશભાઈ શુકલ, શ્રી ભાવેશભાઈ પંડ્યા અને શ્રી આશિકભાઈ મહેતાની ખાસ ઉપસ્થિતીમાં અને તેઓના વરદ હસ્તે ટ્રોફી અને ઈનામ વિતરણ સંપન્ન થયેલ. કાર્યક્રમને અંતે ચેરમેન હર્ષ શેલત દ્વારા સંસ્થા વતી આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ માનવંતા દાતાશ્રીઓ, યુવા ખેલાડીઓ, વિવિધ શહેરના જ્ઞાતિ સંગઠનો, પ્રેસ મીડિયાના મિત્રો, ઉમરેઠ નગરપાલિકા, વિવિધ સર્વિસ સપ્લાયર્સ અને સંસ્થાના તમામ સાથીઓનો આભાર પ્રગટ કર્યો હતો.


**ધ્રુમિલ શુકલ (વકીલ)**
**મંત્રી**

| | | |
|---|---|---|
| Name | : | Ku. Kajal Upendrakumar Dave |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 53 Kg. |
| Birth Date | : | 25-12-1996 |
| Birth Time | : | 08.16 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | MBA, Master of Marketing - Continue - Chicago, Illinois, USA |
| Profession | : | Study |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Late Dharmista Upendra Dave |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Nadiad |
| Father | : | Upendra Deviprasad Dave |
| Address | : | 128, Pragati Park-II, Haripura, Nr. 7th Day School, Maninagar (E), Ahmedabad-380008 |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9725928923 |
| E-mail | : | upendradave@yahoo.co.in<br>kajaldave2001@gmail.com |
| Choice | : | Educated |
| Note | : | - |


| | | |
|---|---|---|
| Gotra | : | Vachas |
| Nakshatra | : | Adra |
| Rashi | : | Mithoon |
| Nadi | : | Aadhya |
| Gan | : | Manushya |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| Name | : | Ku. Sneh Dharmesh Bhatt |
| Height | : | 5’-5’’ |
| Weight | : | 56 Kg. |
| Birth Date | : | 30-11-1995 |
| Birth Time | : | 08.28 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | Master In Development Communication (MDC) |
| Profession | : | - |
| Monthly Income | : | - |
| Native Place | : | Ahmedabad |
| Mother Name | : | Margi Bhatt |
| Borther/Sisters | : | 1-Younger Sister (Unmarried) |
| Maternal Place | : | Mrs. Jyotsanaben Arunbhai Thaker-Bharuch |
| Father | : | Dharmesh Khushvadan Bhatt |
| Address | : | A-13, Shiv Tower, Satellite, Ahmedabad-380015 |
| Phone No. | : | 079-26925933 |
| Mobile No. | : | 9825711197 (Mother), 9408080808 (Father) |
| E-mail | : | dharmeshkbhatt@yahoo.co.in |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Well Educated, Cultured, Well-Settled |
| Note | : | Sneh’s First Marriage Was Dissolved (Divorced) In A Very Short Time |
| Gotra | : | Lankanas |
| Nakshatra | : | Purva Bhadrapad |
| Rashi | : | Kumbh |
| Nadi | : | Aadhya |
| Gan | : | Manushya |
| Varna | : | Shudra |
| Yoni | : | Simha |
| Varg | : | Manav |




નામ : કુ. દેવાંશી મિતેશકુમાર ત્રિવેદી ઊંચાઈ : ૫'–૩'' વજન : ૬૦ કિલો
જન્મતારીખ : ૧૫–૦૯–૨૦૦૦ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૧૧.૨૫ રાત્રે
અભ્યાસ : એમ.એસ.સી. (ફૂડ ન્યુટ્રીએશન–લંડન યુનિવર્સીટી)
મૂળવતન : મોરડ, હાલ–આણંદ વ્યવસાય : હાલ લંડન
માસિક આવક : –
ગોત્ર : શાંડીલસ્ય
રાશિ : મીન
નક્ષત્ર : રેવતી–૨
નાડી : અંત્ય
માતાનું નામ : શિતલબેન મિતેશકુમાર ત્રિવેદી
ભાઈ/બહેન : –




પિતાનું નામ : મિતેશકુમાર ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી
સરનામું : ગંગોત્રી મકાન નગરપાલિકા સામે, નાના બજાર, મુ. પો. વિદ્યાનગર,
તા. જી. આણંદ
ફોન/મોબાઈલ : ૯૮૨૪૩૯૬૯૧૪

---

નામ : કુ. વેદાંશી નિલેશકુમાર ત્રિવેદી ઊંચાઈ : ૫'–૩'' વજન : ૫૦ કિલો
જન્મતારીખ : ૨૦–૧૧–૨૦૦૨ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૨૩.૦૨.૩૦ રાત્રે
અભ્યાસ : એમ.એસ.સી. (ચાલુ), ફુડ બાયોટેકનોલોજી (અંગ્રેજી મીડીયમ)
મૂળવતન : મોરડ વ્યવસાય : –
માસિક આવક : –
ગોત્ર : શાંડીલસ
રાશિ : વૃષભ
નક્ષત્ર : રોહિણી–૧
નાડી : અંત્ય
માતાનું નામ : કલ્પનાબેન નિલેશકુમાર ત્રિવેદી
ભાઈ/બહેન : ૧–બહેન




પિતાનું નામ : નિલેશકુમાર ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી
સરનામું : ગંગોત્રી મકાન નગરપાલિકા સામે, નાના બજાર, મુ. પો. વિદ્યાનગર,
તા. જી. આણંદ
ફોન/મોબાઈલ : ૭૬૨૨૦૦૫૮૨૨, ૯૭૧૨૪૦૫૮૪૪ (માતા)


નામ : કુ. સાક્ષી નિમેશકુમાર ત્રિવેદી ઊંચાઈ : ૫'–૬'' વજન : ૫૫ કિલો

જન્મતારીખ : ૨૦–૦૬–૨૦૦૩ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૧૨.૪૫ બપોરે

અભ્યાસ : એમ.એ. (ઈકોનોમિક્સ, અંગ્રેજી મિડીયમ) ચાલુ

મૂળવતન : મોરડ વ્યવસાય : –

માસિક આવક : –




ગોત્ર : શાંડીલસ

રાશિ : કુંભ

નક્ષત્ર : શતતારકા–૪

નાડી : આદ્ય

માતાનું નામ : શિવાનીબેન નિમેષકુમાર ત્રિવેદી

ભાઈ/બહેન : ૧–ભાઈ

પિતાનું નામ : નિમેષકુમાર ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી

સરનામું : ગંગોત્રી મકાન નગરપાલિકા સામે, નાના બજાર, મુ. પો. વિદ્યાનગર, તા. જી. આણંદ

ફોન/મોબાઈલ : ૯૩૨૮૮૮૭૪૫૧, ૭૫૭૩૦૨૪૬૨૪ (માતા)

---


નામ : ચિ. ગૌરાંગ વિક્રમભાઈ દવે ઊંચાઈ : ૫'–૮'' વજન : ૬૦ કિલો

જન્મતારીખ : ૩૧–૧૨–૧૯૮૧ જન્મસ્થળ : કણજરી જન્મસમય : ૦૭.૦૦ સાંજે

અભ્યાસ : માસ્ટર ઈન સોશ્યલ વર્ક, એલ.એલ.બી.

મૂળવતન : કરજણ વ્યવસાય : બિઝનેસ

માસિક આવક : ૮૦૦૦૦/– (યુ.એસ. ડોલર)




ગોત્ર : સમાનસ

રાશિ : કુંભ

નક્ષત્ર : પુનર્વસુ

નાડી : અંત્ય

માતાનું નામ : શકુન્તલાબેન દવે (યુ.એસ.એ.)

ભાઈ/બહેન : ૨–બહેન–પરણિત, ૧–ભાઈ–પરણિત

પિતાનું નામ : વિક્રમભાઈ દવે (યુ.એસ.એ.)

સરનામું : 424, Burkhard Ave., Mineola, NY-11501

ફોન/મોબાઈલ : ૮૭૮–૦૫૭–૯૪૨૫, +૧–૩૪૭–૯૭૫–૬૮૬૯

| | | |
|---|---|---|
| Name | : | Chi. Rutvik Kamleshkumar Dave |
| Height | : | 5‘-7’’ |
| Weight | : | 67 Kg. |
| Birth Date | : | 25-12-1997 |
| Birth Time | : | 05.57 a.m. |
| Birth Place | : | Anand |
| Education | : | B.E. (Electrical), M.Sc. Engineering Management From London, U.K. on Work Visa |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Jignaben Kamleshkumar Dave |
| Borther/Sisters | : | 1 - Sister - (Married) |
| Maternal Place | : | Ghanshyambhai Karunashankar Shukla Bhat Wado, Umreth-388220 (M) 9426575275 |
| Father | : | Kamleshkumar Dineshchandra Dave |
| Address | : | “Ratvij” 9, Jayshree Society, Behind Grid, Anand-388001 |
| Mobile No. | : | +91-9426575252, +91-9427179672 |
| E-mail | : | kddave13@gmail.com |
| Choice | : | - |
| Note | : | *હાલ ટૂંક સમય માટે ફેબ્રુઆરી-૨૦૨૫માં ઈન્ડિયા આવનાર છે.* |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitranas |
| Nakshatra | : | Swati |
| Rashi | : | Tula (Libra) |
| Nadi | : | Antya |
| Gan | : | Dev |
| Varna | : | Shudra |
| Yoni | : | Mahish |
| Varg | : | Sarp |

